# STD. : 10 સામાજીક વિજ્ઞાન

## PAPER-1

### વિભાગ - A

☞ **નીચે આપેલ પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** (24)

☞ **યોગ્ય જોડકાં જોડો.**

| વિભાગ - A | વિભાગ - B |
|---|---|
| (1) ઉત્તરાર્ધ નૃત્ય મહોત્સવ | (A) ગુજરાત |
| (2) કાચી માટીમાંથી પકવેલા વાસણો | (B) મોઢેરા |
| (3) દેવની મોરીનો સ્તૂપ | (C) ઉત્તરપ્રદેશ |
| (4) ક્રાયોલાઈટ ખનીજ | (D) ટેરાકોટા |
| (4) ઈ.સ. 2002 | (E) મહિલા સશક્તિકરણ વર્ષ |
| | (F) એકલ સંસાધન |

☞ **વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

(6) વારસાની અવગણના કરનાર રાષ્ટ્રનું કોઈ ભવિષ્ય હોતું નથી.

(7) ખાનગી જંગલો પર સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનું નિયંત્રણ હોય છે.

(8) ભારત ઉત્તર પૂર્વના દેશોમાંથી ખજૂર અને ખનીજતેલની આયાત કરે છે.

(9) અકબરનામા એક ઐતિહાસિક કૃતિ તરીકે જાણીતો મૂલ્યવાન ગ્રંથ છે.

(10) જવ અને સરસવ બન્ને શિયાળુ પાક છે.

☞ **એક-બે શબ્દોમાં જવાબ આપો.**

(11) ખનીજ એટલે શું ?

(12) આઝાદી પછી ઝડપી આર્થિક વિકાસ સાધવા બાબતે ભારતે કયો માર્ગ અપનાવ્યો ?

(13) ખાનગીકરણ એટલે શું ?

(14) WHO ના નિયામક બ્યોર્ડ ઓરેએ શાનો ખ્યાલ રજૂ કર્યો ?

☞ **ખાલી જગ્યા પૂરો.**

(15) સામાન્ય રીતે માનવી માટે તો અભિવ્યક્તિ કરવાની અને ઝીલવાની ઉત્તમ તક __________ જ પૂરી પાડે છે. (બોલી, લિપિ, ભાષા)

(16) પૃથ્વી પર જળ સંસાધનનો મૂળ સ્ત્રોત __________ છે. (સાગર, વૃષ્ટિ, નદીઓ)

(17) આર્થિક વૃધ્ધી એ __________ વિકાસ પછીની અવસ્થા છે. (ઔદ્યોગિક, રાષ્ટ્રીય, આર્થિક)

(18) પરશુરામેશ્વર મંદિર __________ સ્થળે આવેલું છે. (પટ્ટદકલ, ભુવનેશ્વર, કાંચીપુરમ)

(19) રેલમાર્ગમાં એશિયામાં ભારતનું સ્થાન __________ છે. (પહેલું, બીજું, ત્રીજું)

☞ **નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી લખો.**

(20) નીચેનામાંથી બહુહેતુક યોજનાઓને તેમના સ્થાનના આધારે ઉત્તર દિશાથી દક્ષિણ દિશા તરફ ગોઠવતા કયો વિકલ્પ સાચો છે ?

A. ચંબલ ખીણ, ભાખડા નાંગલ, નર્મદા ખીણ, નાગાર્જુન સાગર
B. ભાખડા નાંગલ, નાગાર્જુન સાગર, નર્મદા ખીણ, ચંબલ ખીણ
C. નાગાર્જુન સાગર, નર્મદા ખીણ, ચંબલ ખીણ, ભાખડા નાંગલ
D. ભાખડા નાંગલ, ચંબલ ખીણ, નર્મદા ખીણ, નાગાર્જુન

(21) નીચે આપેલ લોગો કઈ સંસ્થાનો છે ? (નો લોગો)



A. FPO નો B. ISO નો
C. Meo નો D. ECO નો

(22) UNDP દ્વારા ક્યારે 'માનવ વિકાસ અહેવાલ-' પ્રસિધ્ધ કરવામાં આવ્યો ?

A. 24 ડિસે. 2015 B. 30 ડિસે. 2015
C. 4 ડિસે. 2015 D. 15 ડિસે. 2015

(23) દિવ્યાંગોના ઉત્કર્ષ માટે સરકારશ્રીએ કયો કાયદો પ્રસિદ્ધ કરેલ છે.

A. દિવ્યાંગજન અધિકાર અધિનિયમ - 2016
B. દિવ્યાંગજન અધિકાર અધિનિયમ - 2018
C. દિવ્યાંગજન અધિકાર અધિનિયમ - 2015
D. દિવ્યાંગજન અધિકાર અધિનિયમ - 2017

(24) ભારતનો સૌથી લાંબો રાષ્ટ્રીય ધોરીમાર્ગ કયો છે ?

A. 1 નંબરનો B. 15 નંબરનો
C. 8 નંબરનો D. 44 નંબરનો

### વિભાગ - B

☞ **નીચે આપેલા કુલ 13 પ્રશ્નોમાંથી કોઈપણ 9 પ્રશ્નોના જવાબ લખો. (પ્રત્યેકના 2 ગુણ)** (18)

(25) "ભારત પ્રાચીન સંસ્કૃતિ ધરાવતો દેશ છે." વિધાન સમજાવો.

(26) ભારતમાં ભાતીગળ સંસ્કૃતિનો વિકાસ કરનાર પ્રજાનો પરિચય આપો.

(27) "માનવજીવન અને માટી વચ્ચેનો ઘણો પ્રાચીન સંબંધ રહ્યો છે." આ વિધાન સમજાવો.

(28) હુમાયુનો મકબરો ક્યાં આવેલો છે ? તેના વિશે ટૂંકમાં માહિતી આપો.

(29) પ્રવાસન સ્થળોની સ્વચ્છતા અને જતન વિશે તમારા મંતવ્યો લખો.

(30) ભારતની જમીનના પ્રકારો કેટલા છે ? કયા કયા ?

(31) વાઘ પરિયોજના વિશે માહિતી આપો.

(32) બહુહેતુક યોજનાનું મહત્વ જણાવો.

(33) તાંબાના ગુણધર્મો અને ઉપયોગો જણાવો.

(34) ખેતી આધારીત ઉદ્યોગોમાં કાપડ પછી બીજું સ્થાન ધરાવતા ખાંડ ઉદ્યોગ વિશે સમજ આપો.

(35) ઉદ્યોગોનું મહત્વ શું છે ? સમજાવો.

(36) નાણાનો પુરવઠો ભાવવૃધ્ધિ પર અસર કરે છે.

(37) જમીન નિર્માણ કઈ રીતે થાય છે ?

## વિભાગ - C

☞ **નીચે આપેલા કુલ 9 પ્રશ્નોમાંથી કોઈપણ 6 પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (પ્રત્યેકના 3 ગુણ)** (18)

(38) ગુપ્તયુગ ભારતીય કલાનો સુવર્ણયુગ શાથી કહેવાય છે?
(39) ભારતના જૈનમંદિરો વિશે માહિતી આપો.
(40) નિર્વનીકરણની અસરો જણાવો.
(41) વિકાસશીલ અર્થતંત્રના લક્ષણો જણાવો. (કોઈપણ ત્રણ)
(42) નીચે આપેલા પારિભાષિક શબ્દો સમજાવો.
 (1) નવીનીકરણીય સંસાધનો
 (2) સામુદાયિક જંગલ
 (3) જાયદ પાક
(43) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કલ્યાણ અને વિકાસ માટેની સામાન્ય જોગવાઈઓનો પરિચય આપો.
(44) બેરોજગારી ઉદભ્વવાના કારણો જણાવો.
(45) ગ્રાહક સુરક્ષામાં ગ્રાહક મંડળોની ભૂમિકા સ્પષ્ટ કરો.
(46) ગુજરાત સરકારે મહિલા સમાનતા માટે કઈ-કઈ યોજનાઓ અમલમાં મૂકેલ છે?

## વિભાગ - D

☞ **નીચે આપેલા 47 થી 53 પ્રશ્નોમાંથી કોઈપણ ચાર પ્રશ્નોના જવાબ લખો અને પ્રશ્ન 54 નકશો ફરજિયાત છે. (પ્રત્યેકના 4 ગુણ)** (20)

(47) વાસ્તુશાસ્ત્ર વિશે સમજ આપો.
(48) ટૂંક નોંધ લખો - ઈલોરાની ગુફાઓ
(49) કૃષિમાં ટેકનિકલ સુધારાનું મહત્વ સમજાવો.
(50) ભારતમાં ગરીબીનું વર્ણન કરો.
(51) ગ્રાહકનું શોષણ થવાના કારણો જણાવો.
(52) ભારતમાં બાળશ્રમિકોની માંગ વધુ હોવાના કારણો જણાવી તેના અટકાવવાના ઉપાયો જણાવો.
(53) ભાવ વૃધ્ધિને નિયંત્રણમાં લેવાના ઉપાયો જણાવો.
(54) ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞાઓ વડે યોગ્ય સ્થાને દર્શાવો.
 (1) રણ પ્રકારની જમીન (2) પેરિયાર અભયારણ્ય
 (3) ચા ઉત્પાદન કરતો પ્રદેશ (4) નાગાર્જુન સાગર યોજના

# PAPER-2

## વિભાગ - A

☞ **નીચે આપેલ પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકના 1 ગુણ) (24)**

☞ **યોગ્ય જોડકાં જોડો.**

| વિભાગ - A | વિભાગ - B |
|---|---|
| (1) નકળંગનો મેળો | (A) કશ્મીર |
| (2) ગાલીચા | (B) ધોળકા (અમદાવાદ) |
| (3) રોપર | (C) કોળીયાક (ભાવનગર) |
| (4) કાંપની જમીન | (D) હિમાચલ પ્રદેશ |
| (5) ઈ.સ. 2001 | (E) મહિલા સશક્તિકરણની રાષ્ટ્રીય નીતિ |
| | (F) ઉત્તર ભારતનું મેદાન |

☞ **વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

(6) 1952 માં ગુજરાત સરકારે વન્યજીવ બોર્ડની રચના કરી.
(7) ભારતમાં પશુ-પક્ષીઓની લગભગ પંદર લાખ જેટલી પ્રજાતિઓ છે.
(8) ભારતમાં 9% રેલવે માર્ગ જોવા મળે છે.
(9) મહા કવિ બાણભટ્ટે 'કાદમ્બરી' ની રચના કરી.
(10) બાજરી લીલા પશુચારા તરીકે વધુ વપરાય છે.

☞ **એક-બે શબ્દોમાં જવાબ આપો.**

(11) રૂપાંતરિત ખડકોમાંથી કઈ-કઈ ખનીજો મળે છે.
(12) ઉદારીકરણની નીતિ એટલે શું ?
(13) કઈ ઔદ્યોગિક નીતિને પરિણામે ભાવવધારાની સમસ્યા સર્જાઈ છે.
(14) ગરીબીનું મુખ્ય કારણ શું છે ?

☞ **ખાલી જગ્યા લખો.**

(15) મુક્તિકો ઉપનિષદમાં તેની સંખ્યા __________ દર્શાવે છે. (100, 108, 109)
(16) કાવેરી નદી પર __________ યોજના આવેલ છે. (હિરાકુંડ, નાગાર્જુન સાગર, કૃષ્ણરાજ સાગર)
(17) વિકાસશીલ રાષ્ટ્રોમાં __________ મુખ્ય આર્થિક પ્રવૃત્તિ હોય છે. (સેવાઓ, વ્યાપાર, ખેતી)
(18) અજંતાની ગુફાઓની કુલ સંખ્યા __________ છે. (29, 18, 34)
(19) સરહદ માર્ગ સંસ્થાની સ્થાપના __________ માં કરવામાં આવી. (ઈ.સ. 1950, ઈ.સ. 1960, ઈ.સ. 1970)

☞ **નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી લખો.**

(20) ભારતમાં કેટલા ટકા જળ સિંચાઈ માટે ઉપયોગી છે ?
 (A) 54 % (B) 64 %
 (C) 74 % (D) 84 %
(21) નાણાનો પુરવઠો ચીજવસ્તુઓના પુરવઠા કરતા વધી જાય ત્યારે..
 (A) ભાવો સ્થિર થાય છે. (B) ભાવો વધી જાય છે.
 (C) ભાવો ઘટી જાય છે. (D) ઉત્પાદન સ્થિર બને છે.
(22) માનવ-વિકાસ અહેવાલ-મુજબ વિશ્વમાં ચીન કેટલામાં ક્રમે છે.
 (A) 73 (B) 90
 (C) 104 (D) 103
(23) આપણા દેશમાં સામાન્ય લોકોને કાયદાની જાણકારી ઓછી હોવાનું કારણ કયું છે ?
 (A) પરંપરાવાદી માનસ (B) આરામ પ્રિયતા
 (C) રિવાજોને મહત્વ (D) નીરક્ષરતાનું વધુ પ્રમાણ
(24) કયા રેલમાર્ગે શ્રેષ્ઠ ઈજનેરી કૌશલનું ઉદાહરણ પુરૂં પાડ્યું છે ?
 (A) ઉધમપુર રેલમાર્ગ (B) દિબ્રુગઢ રેલમાર્ગ
 (C) કોંકણ રેલમાર્ગ (D) દાર્જિલીંગ રેલમાર્ગ

## વિભાગ - B

☞ **નીચે આપેલા કુલ 13 પ્રશ્નોમાંથી કોઈપણ 9 પ્રશ્નોના જવાબ લખો. (પ્રત્યેકના 2 ગુણ)** (18)

(25) "આપણે નદીને લોકમાતાનું બિરુદ આપ્યું છે." શા માટે ?
(26) પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વારસા વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.